# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-09-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નાગરિકોને પોતાની માતૃભાષાને સન્માન આપવાની સાથે હિન્દીને સહયોગ આપવા હાકલ કરી
2. શ્રી શાહે અમદાવાદમાં 825 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા દેશના સૌથી મોટા અને આધુનિક રમતગમત સંકુલનું ઉદ્ઘાટન કર્યું
3. રાજ્યમાં નમો લક્ષ્મી યોજના હેઠળ અત્યાર સુધી એક હજાર કરોડ રૂપિયાથી વધુની આર્થિક સહાય અપાઈ
4. રાજ્યમાં આગામી ત્રણ દિવસ છૂટાછવાયા સ્થળ પર મધ્યમ વરસાદની આગાહી
5. મહેસાણામાં રમાઈ રહેલી સબ-જૂનિયર ઇન્ટર ડિસ્ટ્રીક્ટ ફૂટબોલ સ્પર્ધાની ફાઈનલમાં અમદાવાદ વિજેતા

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# AMIT SHAH GNR- HINDI DIVAS

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નાગરિકોને પોતાની માતૃભાષાને સન્માન આપવાની સાથે હિન્દીને સહયોગ આપવા હાકલ કરી છે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે હિન્દી દિવસ તેમજ પાંચ-માં અખિલ ભારતીય રાજભાષા સંમેલનને આજે ખૂલ્લું મૂકતા તેમણે સમયની સાથે હિન્દીને વધુ લચીલી બનાવવા અને હિન્દી તથા પ્રાદેશિક ભાષાઓના સહ-અસ્તિત્વ પર ભાર મૂક્યો હતો.

**(BYTE: AMIT SHAH, HOME MINISTER – JAN JAN )**

શ્રી શાહે કહ્યું, હિન્દીને વધુમાં લોકભોગ્ય બનાવવા કેન્દ્ર સરકારે સારથિ મંચ અને હિન્દી શબ્દ સિંધુકોષ જેવી સફળ પહેલ કરી છે. તેમણે હિન્દી માત્ર બોલચાલની ભાષા ન રહેતા; તે વિજ્ઞાન તકનીક, ન્યાય અને પોલીસ વ્યવસ્થાની પણ ભાષા હોવી જોઈએ તેમ ભારપૂર્વક જણાવ્યું. આ પ્રસંગે તેમણે વર્ષ 2029 સુધી હિન્દી શબ્દ સિંધુ વિશ્વનો સૌથી મોટો શબ્દકોષ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

ઉલ્લેખનીય છે કે, હિન્દી અને પ્રાદેશિક ભાષાઓ વચ્ચે સમરસતા વધારવાના હેતુથી આયોજિત આ સંમેલનમાં કેન્દ્ર સરકારના વિવિધ વિભાગના આશરે સાત હજારથી વધુ અધિકારી ભાગ લઈ રહ્યા છે.

-------------

# AMIT SHAH VEER SAVARKAR SPORTS COMPLEX

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે અમદાવાદના નારણપુરા ખાતે અંદાજે 825 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા દેશના સૌથી મોટા અને આધુનિક વીરસાવરકર રમતગમત સંકુલનું ઉદ્ઘાટન કર્યું. દરમિયાન એક વિશાળ સભાને સંબોધતા શ્રી શાહે વર્ષ 2047 સુધીમાં ભારતને ટોચનો રમતગમત દેશ બનાવવાની કેન્દ્રની મોદી સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. તેમણે કહ્યું, નવું સંકુલ દેશનું સૌથી મોટું અને વિશ્વનું સૌથી અદ્યતન છે. દરમિયાન તેમણે અમદાવાદ ટૂંક સમયમાં એશિયાનું રમતગમત પાટનગર અને રાષ્ટ્રમંડળ રમતગમત માટેનું મુખ્યસ્થળ બનશે, તેમ જણાવ્યું…

**(BYTE: AMIT SHAH) VEER SAVARKAR BYTE**

સ્વાતંત્ર્ય સેનાની વીર સાવરકરને યાદ કરતા શ્રી શાહે કહ્યું, આ સંકુલમાં માત્ર વૈશ્વિક કક્ષાની માળખાગત સુવિધા અને તાલીમ જ નહીં, પણ દેશભરના રમતવીરોને પ્રેરણા આપશે.

-------------

# SARDHAR DHAM AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે અમદાવાદમાં સરદારધામ ખાતે બીજા તબક્કાની કન્યા છાત્રાલય તથા 100 કરોડ રૂપિયાની "દીકરી દત્તક

યોજના”નું લોકાર્પણ કર્યું. આ પ્રસંગે તેમણે દરેક સમાજ “સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ”નું સૂત્ર સ્વીકારે તો શ્રેષ્ઠ રાષ્ટ્રનું નિર્માણ થાય તેમ જણાવ્યું.

-------------

# NAMO LAKSHMI YOJANA

રાજ્યમાં નમો લક્ષ્મી યોજના હેઠળ અત્યાર સુધી એક હજાર કરોડ રૂપિયાથી વધુ અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના હેઠળ 161 કરોડ રૂપિયાથી વધુની આર્થિક સહાય ચૂકવવામાં આવી છે. ધોરણ નવ-થી 12ના વિદ્યાર્થીઓને નમો લક્ષ્મી યોજના હેઠળ 50 હજાર રૂપિયા, અને ધોરણ 11–12 વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને નમો સરસ્વતી યોજના હેઠળ 25 હજાર રૂપિયાની સહાય અપાય છે. સાંભળીએ એક અહેવાલ.

**(V/C- PRAVESH ADIACHA)**

***(.... રાજ્યની દીકરીઓને પ્રાથમિક શિક્ષણ પછી શિક્ષણ છોડી ન દેવું પડે અને વધુને વધુ દીકરીઓ પોતાનું શાળાકીય શિક્ષણ પૂર્ણ કરે તે હેતુથી નમો લક્ષ્મી યોજનાનો પ્રારંભ થયો. અત્યાર સુધી આ યોજના હેઠળ 10 લાખ 49 હજારથી વધુ વિદ્યાર્થીઓને સહાય અપાઈ છે. જે વિદ્યાર્થીઓ ધોરણ 10ની બોર્ડ પરીક્ષામાં 50 ટકા કે તેથી વધુ ગુણ મેળવ્યા બાદ રાજ્યની સરકારી, અનુદાનિત અને સ્વ-નિર્ભર શાળાઓમાં ઉચ્ચતર માધ્યમિકમાં વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવે તેવા વિદ્યાર્થીઓને નમો***

*સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના હેઠળ આર્થિક સહાય મળે છે. આ બંને યોજનાની જાહેરાત માર્ચ 2024માં થઈ હતી.)*

**પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ**

---------------------------------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# GST REFORMS FOR EVENING

વસ્તુ અને સેવા કર- GST પરિષદે કર માળખામાં ઘટાડાની જાહેરાતને સમગ્ર રાજ્યમાં વ્યાપક આવકાર મળી રહ્યો છે. નાના વેપારીઓથી લઈ મોટા ઉદ્યોગપતિઓએ કેન્દ્ર સરકારના આ નિર્ણયને મહત્વનો ગણાવ્યો છે. વડોદરાની એક બૅન્કના મેનેજર યોગેશ સુરતકરે આકાશવાણી સમાચાર સાથેની વાતચીતમાં કહ્યું, આ નિર્ણયથી તમામ લોકોને લાભ થશે.

**(BYTE: YOGESH SURATKAR, BANK MANAGER)**

-------------

# WEATHER FORECAST

હવામાન ખાતાએ આગામી ત્રણ દિવસ રાજ્યમાં છૂટાછવાયા સ્થળ પર મધ્યમ વરસાદની આગાહી કરી છે. ત્યારે આવતીકાલે ઉત્તર, મધ્ય, દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્ર–કચ્છમાં મધ્યમ વરસાદ થઈ શકે છે. માછીમારોને પણ 17 સપ્ટેમ્બર સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

બીજી તરફ, રાજ્યમાં વરસાદનું જોર ઘટવાની સાથે સાંજે છ વાગ્યા સુધીમાં 27 તાલુકામાં વરસાદના અહેવાલ છે. દરમિયાન સૌથી વધુ દોઢ ઇંચ જેટલો વરસાદ અમરેલીના જાફરાબાદ તાલુકામાં નોંધાયો છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ વરસાદ 109 ટકા જેટલો થયો છે. અત્યાર સુધી વરસાદને લઈ 108 બંધ 100 ટકા ભરાઈ ગયા છે. જ્યારે હાલ રાજ્યના 144 બંધ હાઈ અલર્ટ અને 13 બંધ અલર્ટ પર છે.

-------------

# RAIN

બનાસકાંઠા જિલ્લાનો દાંતીવાડા બંધ 90 ટકા ભરાતા રેડ સિગ્નલ જાહેર કરાયું છે. બંધનું રૂલ લેવલ 183.46 મીટર છે. જ્યારે હાલનું લેવલ

183.05 મીટર નોંધાયું છે. બનાસ નદીકાંઠા તથા નીચાણવાળા વિસ્તારોના લોકોને તકેદારી રાખી સાવચેત રહેવા સૂચના અપાઇ.

તો છોટાઉદેપુરમાં વાતાવરણમાં પલટો આવતા હળવો વરસાદ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી છે.

-------------

# FOOTBALL AMDAVAD CHAMPION

મહેસાણામાં રમાઈ રહેલી સબ-જૂનિયર ઇન્ટર ડિસ્ટ્રીક્ટ ફૂટબૉલ સ્પર્ધાની ફાઈનલ મૅચમાં અમદાવાદની ટીમ વિજેતા બની છે. સત્તાવાર યાદી મુજબ, ગુજરાત રાજ્ય ફૂટબૉલ સંગઠન દ્વારા વડનગરમાં યોજાયેલી સ્પર્ધાની ફાઈનલમાં ગાંધીનગર અને અમદાવાદની ટીમ વચ્ચે મૅચ રમાઈ. અમદાવાદ તરફથી રૂદ્ર પટેલે પાંચ ગૉલ અને ઇસાન મહેતાએ એક ગૉલ કર્યો હતો. જ્યારે ગાંધીનગરના સૅલ્વિન પટેલે એક ગૉલ કરતા અમદાવાદની ટીમ છ–એકથી વિજેતા થઈ છે.

આ સ્પર્ધા દ્વારા રાજ્યની રાષ્ટ્રીય કક્ષાની ટીમમાં જનારા ખેલાડીઓની પસંદગી કરવામાં આવી. આ ખેલાડીઓ માટે આગામી 17 સપ્ટેમ્બરે ભાવનગરમાં રાષ્ટ્રીય શિબિર યોજાશે.

-------------

# CRICKET ASIA CUP

ટી-20 એશિયા કપ ક્રિકેટમાં આજે ગ્રૂપ એ-ની મૅચમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે મુકાબલો થશે. આ બંને ટીમ વચ્ચે આજે રાત્રે આઠ વાગ્યાથી દુબઈમાં મૅચ રમાશે. આ વર્ષે ફેબ્રુઆરી બાદ બંને ટીમ પહેલી વાર સામસામે રમશે.

-------------

# RAJYAPAL TEJAS TRAIN

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત આજે તેજસ ઍક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરી કરી મુંબઈના પ્રવાસે પહોંચ્યા. ટ્રેન ઉપડવાના નિર્ધારિત સમય પહેલાં રાજ્યપાલશ્રી ગાંધીનગર રાજભવનથી અમદાવાદ રેલવે મથક આવ્યા હતા. તેમણે ટ્રૅનમાં યાત્રીઓ સાથે ભારતીય સંસ્કૃતિ, પ્રાકૃતિક ખેતી, સુવિધાયુક્ત રેલવે સફર, વ્યક્તિત્વ વિકાસ જેવા વિષય પર ચર્ચા કરી.

ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકેનો વધારાનો હવાલો સોંપ્યો છે.

-------------

# NAVSARI MP RAJYAPAL

મધ્યપ્રદેશના રાજ્યપાલ મંગુભાઈ પટેલે આજે નવસારીમાં વિરવાડીની આદિવાસી અનાથ કન્યા છાત્રાલયની મુલાકાત લીધી. દરમિયાન છાત્રાલયના ટ્રસ્ટીઓએ રાજ્યપાલને સંસ્થાના સેવાકીય કાર્ય

અંગે માહિતી આપી. મધ્યપ્રદેશના રાજ્યપાલશ્રીએ કન્યા છાત્રાલયના વિદ્યાર્થીઓ સાથે મુલાકાત કરી તેમને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પણ પાઠવી.

-------------

# GST KACHCHH

વસ્તુ અને સેવા કર – GSTના દરમાં કરાયેલા સુધારા અંગે આજે કચ્છમાં ગાંધીધામ વેપાર અને ઉદ્યોગ મહામંડળ તથા કેન્દ્ર સરકારના મહેસૂલ તથા નાણા મંત્રાલય દ્વારા વિશેષ કાર્યક્રમ યોજાયો. આ સુધારાઓ અંગે ઉદ્યોગકારો, વેપારીઓ તેમજ વ્યવસાયિક વર્ગને માહિતી આપવાના ઉદ્દેશથી યોજાયેલા કાર્યક્રમમાં પાવર પૉઇન્ટ પ્રૅઝન્ટેશન થકી તેનાથી કયા ક્ષેત્રમાં લાભ થશે અને કયા ક્ષેત્રમાં નાણાકીય જવાબદારી વધશે તેની સ્પષ્ટ અને સરળ માહિતી અપાઈ.

આ પ્રસંગે વેપાર-ઉદ્યોગ જગતના આગેવાનો, વેપારી સંગઠનોના પ્રતિનિધિઓ તથા નાણાકીય નિષ્ણાતો ઉપસ્થિત રહ્યા હતા.

-------------